# સાયન્સ સિટી ખાતે 'WASTE TO WEALTH' વિષયે સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૦૩

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. SAC- ISRO અને ગુજકોસ્ટના સંયુક્ત ઉપક્રમે 'WASTE TO WEALTH' વિષય પર આપ્યું હતું. આ ઉપરાંત બાળકોને પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા તેમજ ઓછામા ઓછું વેસ્ટ થાય તે અંગે સમજાવવામાં આવ્યું હતું. ત્રણ અલગ અલગ કેટેગરીમાં કલરિંગ અને ડ્રોઈંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ કેટેગરીમાં ધોરણ-૧થી ૩ના વિદ્યાર્થીઓ માટે, બીજી કેટેગરીમાં ધોરણ-૪થી ધોરણ-૬ના વિદ્યાર્થીઓ માટે કલરિંગ



આયોજિત આ કાર્યક્રમમાં બે દિવસ માટે કલરિંગ, ડ્રોઈંગ, પેઈન્ટિંગ, મોડેલ મેકિંગ અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતુ જેમાં મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમના ઉદ્‌ઘટાન સમારંભમાં ઈસરોના ગ્રૂપ ડાયરેક્ટર ડો. ડી. રામ રજક, સીનિયર સાયન્ટિસ્ટ ડો. રવિકુમાર વર્મા અને રીચા શ્રીવાસ્તવ, ગુજકોસ્ટના સાયન્ટિફિક ઓફિસર પાવિત શાહ અને સાયન્સ સિટીના જનરલ મેનેજર ડો. વ્રજેશ પરીખ ઉપસ્થિત રહ્યા. ઉપસ્થિત મહાનુભાવોએ વેસ્ટમાંથી વેલ્થ કેવી રીતે બનાવી શકાય તે અંગે બાળકોને માર્ગદર્શન કોમ્પિટિશન તથા ત્રીજી કેટેગરીમાં ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે ડ્રોઈંગ, પેઈન્ટિંગ અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.

ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જે.બી. વદર, ગુજકોસ્ટના સલાહકાર નરોત્તમ સાહુ, ઈસરોના ડાયરેક્ટર નીલેશ દેસાઈ સહિતના મહાનુભાવોએ પ્રથમ ત્રણ નંબરે વિજેતા થયેલા બાળકોને પુરસ્કાર તેમજ સ્પર્ધામાં સહભાગી થનારા દરેક બાળકોને પ્રમાણપત્રો અને પ્રથમ નંબરે આવનારા વિદ્યાર્થીઓને ભેટસ્વરૂપે ટેલિસ્કોપ એનાયત કરવામાં આવ્યા હતા.

## સે. ૮ વસાહત મંડળે શહેરનો સ્થાપના દિન ઉજવ્યો

ગાંધીનગર, તા. ૩

"આજે આપણે સંકલ્પ કરીએ કે પાટનગરને ફરી "હરિયાળું ગાંધીનગર અને સ્વચ્છ ગાંધીનગર" બનાવીને જ ઝંપીશું. સાથે વસાહત મંડળ સેક્ટર-૮ ગાંધીનગરના ઉપક્રમે સેક્ટર-૮ના શોપીંગ સેન્ટર બેઠક ખાતે ગાંધીનગર શહેરના ૫૯ માં સ્થાપના દિનની ઉજવણી કેક કાપીને કરવામાં આવી હતી.

જેમાં સેક્ટરના સીનીયર સીટીઝન સહિત મોટી સંખ્યામાં વસાહતીઓ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમનું સઘળું આયોજન વસાહત મંડળના પ્રમુખ નિલેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુજકોસ્ટે STEM કવીઝના વિજેતા વિદ્યાર્થીઓને આપી અનેરી ભેટ

**ગુજરાત STEM ક્વિઝના વિજેતા ૧૬ વિદ્યાર્થીઓને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર મુલાકાતે મોકલ્યાં : ૯ વિદ્યાર્થીઓ ગુજરાતના**



ગાંધીનગર, તા.૦૩

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજકોસ્ટે શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર, ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ અને નેહરુ સાયન્સ સેન્ટર, મુંબઈ સહિતની પ્રાથમિક વૈજ્ઞાનિક સંશોધન સંસ્થાની વિશેષ મુલાકાતનું આયોજન કર્યું છે. આ મુલાકાત માટે ૭ રાજ્યોમાંથી ગુજરાત STEM ક્વિઝના ૫.૪૫ લાખ વિદ્યાર્થીઓ પૈકી ટોચના ૧૬ તેજસ્વી વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે જેઓ મુંબઈના પ્રખ્યાત ભાભા અણુ સંશોધન કેન્દ્રની મુલાકાત લઈ રહ્યાં છે. આ વિજેતાઓમાં ૯ વિદ્યાર્થી ગુજરાતના છે. આ અનુભવ તેમના ભવિષ્યને આકાર આપવા અને અનંત તકોના દરવાજા ખોલવા જેવો સાબિત થશે.

આ વિદ્યાર્થીઓ ૫, ૪૫, ૭૬૪ વિદ્યાર્થીઓમાંથી પસંદ કરવામાં આવ્યા છે જેમણે ભારતની સૌથી મોટી STEM ક્વિઝમાં ભાગ લીધો હતો જે ગત તા.૩૦મી મે ૨૦૨૩ના રોજ સમાપ્ત થઈ હતી અને આ વિદ્યાર્થીઓએ વિવિધ સ્તરો દ્વારા કુલ રૂ. ૨.૦૦ કરોડની ઈનામની રકમ જીતી હતી. ગુજકોસ્ટે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે બુટકેમ્પ્સ તેમજ સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ISROની એક્સપોઝર વિઝિટનું પણ આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓનું બીજું જૂથ ઓગસ્ટ ૨૦૨૩ના છેલ્લા સપ્તાહ દરમિયાન સંરક્ષણ સંશોધન વિકાસ સંગઠન (DRDO)ની મુલાકાત લેશે. ગુજકોસ્ટના એડવાઈઝર ડો. નરોત્તમ સાહુએ યુવા ટ્રેઈલબ્રેઝર્સને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાયસણમાં ટાંકી પર ચાર દિવસથી ફસાયેલા કપિરાજનું રેસ્કયું કરાયું



ગાંધીનગર, તા.૦૩

ગાંધીનગરના રાયસણ ગામના ગુડાના પ્લોટમાં આવેલી પાણીની ટાંકી પર એક કપિરાજ છેલ્લા ચાર દિવસથી ફસાઈ જવા પામ્યું હતું જેને નીચે ઉતારવાનો રસ્તો મળતો નહોતો. આ કપિરાજને બચાવવા ગાંધીનગર અને અમદાવાદની અલગ અલગ સંસ્થાઓ દ્વારા એને નીચે ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ બધાને નિષ્ફળતા મળી હતી. જોકે અત્યંત જોખમી કહી શકાય તેવી જગ્યાએ ફસાયેલાં આ કપિરાજને આજે ગાંધીનગરની શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ તથા હેપ્પી યુથ કલબના યુવા સ્વયંસેવકોએ ગાંધીનગરના ફાયરબ્રિગેડ સાથે સયુંકત દિલધડક ઓપરેશન હાથ ધરીને પાણીની ટાંકી પરથી નીચે ઉતારવામાં સફળતા મેળવી હતી. શહેરના વન્યજીવ પ્રેમીઓએ આ સાહસિક રેસ્કયું કાર્યને બિરદાવ્યું હતું.

# કન્જક્ટિવાઈટિસનો કહેર શાળા-કોલેજોની હાજરીમાં ૨૦ટકાનો ઘટાડો


અમદાવાદ, તા.૩

અમદાવાદ સહિત રાજ્યભરમાં કન્જક્ટિવાઈટિસ અને સાદી ભાષામાં આંખ આવવાનો રોગ વકર્યો છે. જેમાં બાળકો અને મોટી ઉંમરના લોકો તેનો સૌથી વધુ ભોગ બની રહ્યા છે. બાળકોમાં આ રોગ મોટા પ્રમાણમાં વકર્યો હોવાના કારણે શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. કેટલીક શાળાઓના વર્ગોમાં કન્જક્ટિવાઈટિસના કારણે બાળકોની હાજરી અડધાથી પણ ઓછી જોવા મળી રહી છે. માત્ર શાળાઓ જ નહિ કોલેજોમાં પણ ૧૫થી ૨૦ ટકા હાજરીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

શાળા સંચાલકો પણ આંખમાં સહેજ પણ તકલીફ હોય તેવાં બાળકને શાળાએ ન મોકલવા સૂચના આપી રહ્યા છે. શાળાઓમાં પણ કામચલાઉ કન્જક્ટિવાઈટિસ મેડિકલ ઈમર્જન્સી કાઉન્ટર શરૂ કરવામાં આવી રહ્યાં છે. ખાનગી હોસ્પિટલમાં દર્દીઓની ભીડ વધી રહી છે. સાથે સાથે ચોમાસામાં ભેજયુક્ત વાતાવરણથી અલગ અલગ વાહકજન્ય બીમારીઓ ઝડપથી વધી રહી છે. રોગનો વધુ પડતો ફેલાવો જોતાં તથા રોગની ગંભીરતાને જોતાં સરકારે પણ કોવિડકાળની જેમ જ ધન્વંતરિ રથ ઈમર્જન્સી સહાય માટે મેદાનમાં ઉતાર્યા છે. કન્જક્ટિવાઈટિસ રોગ નાનાં બાળક, સ્કૂલ વિદ્યાર્થીમાં વધુ જોવા મળી રહ્યો છે. આરોગ્ય તંત્ર દ્વારા સર્વે સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આરોગ્ય તંત્રના જણાવ્યા અનુસાર આ રોગને ફેલાતો અટકાવવા સાવચેતી એ જ સાચો ઉપાય છે અને જરા જેટલાં ચિહ્ન પણ દેખાય કે તરત તબીબની સલાહ લેવાનું જણાવવામાં આવી રહ્યું છે.

જો કે સરકારી હોસ્પિટલમાં જેટલી પણ સંખ્યામાં કેસ આવી રહ્યા છે, તેમની સારવાર કરવામાં આવી રહી છે. સરકારી હોસ્પિટલ દ્વારા આંખનાં ટીપાં તથા દવાની તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

# મહાત્મા મંદિર ખાતે G20 મહિલા ડેલિગેટ્સ ગરબામાં તાલે ઝૂમ્યા



ગાંધીનગર ખાતે મહિલા સશક્તિકરણ પર આયોજિત ૨૨૦ મંત્રીસ્તરીય સંમેલનમાં ગુજરાતના મહેમાન બનેલા વિદેશી મહિલા ડેલિગેટ્સ મન મૂકીને ગરબાના તાલે ઝૂમ્યા હતા. આમંત્રિત મહિલા પ્રતિનિધિઓએ ગુજરાતની સંસ્કૃતિમાં શ્રદ્ધા સમર્પિત કરી માતૃશક્તિની સ્તુતિમાં ગરબા નૃત્યમાં ભાગ લઈ મહિલા શક્તિ અને પરંપરાની ઉજવણીનો આનંદ માણ્યો હતો.



શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ન્યુ ગાંધીનગરના પ્રતિનિધિ મંડળે ગાંધીનગર સમાચારની શુભેચ્છા મુલાકાત લીધી તંત્રી મનોજભાઈ શુક્લ તેમજ મયુરભાઈ પટેલ (બાબા) મેનેજરનું સ્વાગત કરી અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે વિપુલભાઈ ઠાકર સમસ્ત બ્રહ્મ સમાજ ન્યુ ગાંધીનગર તેમજ પ્રકાશભાઈ ઠાકર, અશ્વિનભાઈ રાવલ, ચંદ્રકાંતભાઈ દવે, ભુપેન્દ્રભાઈ જાની અને નીરવભાઈ ત્રિવેદી સાથે જોડાયા હતા

# ગુજરાતી સિરિયલ 'તોફાની ત્રિપુટી'ને બિરદાવતા પ્રસાર ભારતીના CEO



ગાંધીનગર, તા.૦૩

ડી.ડી ગિરનાર પર સફળતાપુર્વક ચાલી રહેલી બાળકો માટે ની સિરીયલ ' તોફાની ત્રિપુટી ' ૨૫ એપિસોડ પુર્ણ કરીને સફળતાપુર્વક આગળ વધી રહી છે. તાજેતરમાં પ્રસાર ભારતીના CEO ગૌરવ દ્વિવેદી (IAS)એ દૂરદર્શન કેન્દ્ર અમદાવાદના સ્ટુડિયો ખાતે 'તોફાની ત્રિપુટી 'ના સેટની મુલાકાત લઈને આ સફળ સિરીયલ ના નિર્માતા - દિગ્દર્શક પંકજ ચૌહાણને તથા સમગ્ર ટીમને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી અને સિરીયલની પ્રશંસા કરી હતી.આ પ્રસંગે શ્રીમતી પ્રિયા કુમાર ( DG News ) શ્રીમતી કંચન પ્રસાદ (ADG Programme ) ધર્મેન્દ્ર તિવારી ( Director news A'bad ) સત્યજીત દાસ ( DDG Engineering ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. 'તોફાની ત્રિપુટી' સિરીયલના લેખક અને ગીતકાર ભાર્ગવ જીવરામ જોષી છે. સિરીયલમાં સંગીત નિશીથ મહેતા એ આપ્યું છે. પ્રોડક્શન મેનેજર મીત સોની છે. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપતી આ સિરીયલમાં બાળકો સાથે ગુજરાતના જાણીતા કલાકારો ચમકી રહયા છે. આ સીરીયલ ડી.ડી ગિરનાર પર દર સોમવાર અને મંગલવારે સાંજે ૭:૩૦ વાગે અને રવિવારે સવારે ૧૦:૦૦ વાગે રજુ થઇ રહી છે. ડી.ડી ગિરનારની યુટ્યુબ ચેનલ ઉપર પણ આ સિરીયલ જોઇ શકાય છે.

# બિહાર હેરીટેજ ડેવલપમેન્ટ કમિટી'ના સભ્યોએ વિધાનસભાની મુલાકાત લીધી

**પ્રવાસન વિભાગે સમિતિને ગુજરાતના હેરીટેજ સ્થળો હેરીટેજ ટુરીઝમ પોલીસી અને યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઈટ અંગે માહિતગાર કર્યા**

ગાંધીનગર, તા. ૩

બિહાર વિધાનસભાની 'બિહાર હેરીટેજ ડેવલપમેન્ટ કમિટી'ના અધ્યક્ષશ્રી તેમજ સભ્યશ્રીઓ સ્ટડી ટુર કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના ચાર દિવસીય પ્રવાસે છે.

આજે સવારે બિહાર હેરીટેજ ડેવલપમેન્ટ કમિટીએ ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન ગુજરાત પ્રવાસન વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા દેશની સૌપ્રથમ યુનેસ્કો હેરીટેજ સીટી – અમદાવાદ, યુનેસ્કો દ્વારા જાહેર કરાયેલી વર્લ્ડ હેરીટેજ સાઈટ, વિવિધ હેરીટેજ સ્થળો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાજ્યમાં પ્રવાસનને વેગ આપવા અમલમાં મૂકવામાં આવેલી 'હેરીટેજ ટુરીઝમ પોલીસી ૨૦૨૦-૨૫' બાબતે પણ કમિટીને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

કમિટીના સભ્યશ્રીઓએ તમામ માહિતી મેળવ્યા બાદ ગુજરાત સરકાર દ્વારા હેરીટેજ સ્થળોના વિકાસ, તેની જાળવણી, હેરીટેજ પોલીસી અંતર્ગત અપાતી સહાય, સિનેમેટિક ટુરીઝમ પોલીસી જેવા વિવિધ વિષયોમાં રસ દાખવી વધુ માહિતી મેળવી હતી.

બિહારથી પધારેલી સમિતિના અધ્યક્ષ ડૉ. પ્રેમકુમારે ગુજરાત સરકારની હેરીટેજ ટુરીઝમ પોલીસીને બિરદાવતા કહ્યું હતું કે, ગુજરાત જે રીતે તેના હેરીટેજ સ્થળોની જાળવણી કરીને હેરીટેજ ટુરીઝમને પ્રોત્સાહન આપી રહ્યુ છે, તે અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ છે.

આ બેઠક દરમિયાન સમિતિના સભ્ય શ્રી વિનય બિહારી, શ્રી રાજેશકુમાર, શ્રી વિદ્યાસાગર કેસરી, શ્રી પવનકુમાર યાદવ, શ્રી રિશી કુમાર, શ્રી વિશ્વનાથ રામ, શ્રી વિજયકુમાર સિંઘ, શ્રી અમન ભૂષણ હજારી, ગુજરાત પ્રવાસન વિભાગના કમિશનર શ્રી સૌરભ પારધી સહિતના અધિકારીશ્રીઓ, ગુજરાત વિધાનસભાના અધિકારીશ્રીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



અધિક શ્રાવણ સુદ પુનમે વૈદેહિ રેસીડેન્સિ-૨ (વાવોલ) ખાતે સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૩ મેળવનાર શિક્ષકોની યાદી જાહેર

**વિવિધ કેટેગરીમાંથી શ્રેષ્ઠ શિક્ષક - ૨૦૨૩ માટે ૩૫ શિક્ષકોનો સમાવેશ**

ગાંધીનગર, તા. ૩

શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને રાજ્ય સરકાર દ્વારા પારિતોષિક એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

વર્ષ-૨૦૨૩ માટે રાજ્યનાં ૩૫ શિક્ષકોની યાદી જાહેર કરવામાં આવી છે.

પ્રાથમિક વિભાગમાંથી ૧૮ શિક્ષકો, માધ્યમિક વિભાગમાંથી ૦૬ શિક્ષકો, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી ૦૧ શિક્ષક, માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક આચાર્ય કેટેગરીમાંથી ૦૫ શિક્ષકો, એચ.ટાટ મુખ્ય શિક્ષકો- ૦૩, ખાસ શિક્ષક કેટેગરીમાંથી ૦૧ શિક્ષકો અને બી.આર.સી. કેટગરીમાંથી ૦૧ શિક્ષક મળીને વિવિધ કેટેગરીમાંથી ઝોન પ્રમાણે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૩ માટે ૩૫ શિક્ષકોની યાદી જાહેર કરવામાં આવી છે.

| ક્રમ | પ્રાથમિક વિભાગ<br>સમિતિએ એવોર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૧૮ | ઝોન |
|---|---|---|
| ૧. | શ્રી વાલીબેન અમરાભાઈ વાઘેલા | સૌરાષ્ટ્ર |
| ૨. | શ્રી સુરેશકુમાર ધનજીભાઈ નાગલા | |
| ૩. | શ્રી વિમલકુમાર હિંમતલાલ પટેલ | |
| ૪. | શ્રી મિતુલકુમાર ખીમાભાઈ જીલડિયા | |
| ૫. | શ્રી પ્રફુલભાઈ કાનજીભાઈ કાતરીયા | |
| ૬. | શ્રી કેતનકુમાર રજનીકાંતભાઈ ગદાણી | ઉત્તર |
| ૭. | શ્રી વિનોદકુમાર કાન્તિલાલ પ્રજાપતિ | |
| ૮. | શ્રી કૃણાલબહેન સુરેશચંદ્ર ઠાકર | |
| ૯. | શ્રી સુરેશભાઈ સુંથાભાઈ વણકર | |
| ૧૦. | શ્રી રમેશકુમાર બદામીલાલ ચૌહાણ | |
| ૧૧. | શ્રી બિપિનપુરી હસમુખપુરી ગોસ્વામી | મધ્ય |
| ૧૨. | શ્રી વિભાબેન બાપુજીભાઈ પટેલ | |
| ૧૩. | શ્રી છાયાબેન મોહિતકુમાર ચુડાસમા | |
| ૧૪. | શ્રી નાનજીભાઈ પ્રભુભાઈ પટેલ | |
| ૧૫. | શ્રી જાગૃતિબેન લક્ષ્મીદાસ અટારા | |
| ૧૬. | શ્રી સ્મિતાબેન દિનેશચંદ્ર રાણા | દક્ષિણ |
| ૧૭. | શ્રી જીજ્ઞેશકુમાર મોહનભાઈ પટેલ | |
| ૧૮. | શ્રી રેખાબેન નાથાલાલ મકવાણા | |
| ક્રમ | માધ્યમિક વિભાગ | |
| | સમિતિએ એવોર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૦૬ | ઝોન |
| ૧. | શ્રી તરૂણકુમાર બાલશંકર વ્યાસ | સૌરાષ્ટ્ર |
| ૨. | શ્રી મમતાબેન ધીરજલાલ જોશી | |
| ૩. | શ્રી મનીષ લાલુભાઈ પટેલ | ઉત્તર |
| ૪. | શ્રી જિતેન્દ્રકુમાર ચંદ્રકાન્ત નાયક | |
| ૫. | શ્રી અનિલભાઈ અમૃતભાઈ સોલંકી | દક્ષિણ |
| ૬. | શ્રી યોગેશકુમાર બુધાભાઈ મહેર | |
| ક્રમ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | |
| | સમિતિએ એવોર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૦૧ | ઝોન |
| ૧. | શ્રી નમ્હેશ ચંદુભાઈ પટેલ | ઉત્તર |
| ક્રમ | માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક વિભાગ | |
| | સમિતિએ એવોર્ડ માટે પસંદ કરેલ આચાર્ય-૦૫ | ઝોન |
| ૧. | શ્રી હસુમતીબેન કાનજીભાઈ પટેલ | ઉત્તર |
| ૨. | શ્રી મનીષકુમાર રમેશચંદ્ર પાઠક | |
| ૩. | શ્રી અંજનાબેન નારાયણભાઈ પટેલ | મધ્ય |
| ૪. | ડૉ. કમલેશભાઈ મોહનભાઈ ઠાકોર | દક્ષિણ |
| ૫. | શ્રી મુકેશભાઈ બાલુભાઈ ભટ્ટ | |
| ક્રમ | એચ.ટાટ (મુખ્ય શિક્ષક) | |
| | સમિતિએ એવોર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૦૩ | ઝોન |
| ૧. | શ્રી તરૂણકુમાર પુરૂષોત્તમભાઈ કાટબામણા | સૌરાષ્ટ્ર |
| ૨. | શ્રી રમણભાઈ ધનાભાઈ પટેલિયા | મધ્ય |
| ૩. | શ્રી પુષ્પાબેન દોલતસિંહ બારડ | દક્ષિણ |
| ક્રમ | ખાસ શિક્ષક | |
| | સમિતિએ એવોર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૦૧ | ઝોન |
| ૧. | શ્રી ગીતાબેન કમલેશભાઈ ભટ્ટ | ઉત્તર |
| ક્રમ | બી.આર.સી. | |
| | સમિતિએ એવોર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૦૧ | ઝોન |
| ૧. | શ્રી મહેન્દ્રસિંહ જેઠુસિંહ બારડ | ઉત્તર |